## ડાયરેક્ટ ❤ સે

શું કરવું ?
એ વિચારવામાં
સમય ન લેશો
નહીંતર
સમય વિચારી લેશે
કે એણે શું કરવું ?

## જન્મદિને વધામણી



જયેશ પી ઠાકર
મો. ૯૯૨૫૧ ૫૪૭૮૨



ગિરીશ ડી આર્ય
જીવન વીમા સલાહકાર
મો. ૯૯૦૪૫ ૦૧૭૫૫



પ્રિયાંશ
શેતલકુમાર પંડ્યા
મો. ૯૮૨૫૩ ૦૪૯૦૦



વંશિકા
ભરતકુમાર શાહ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઇચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સાદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરીબોને સહાયનો હાથ



ગાંધીનગરમાં ઠંડીથી ઠૂંઠવાતા ગરીબ પરિવારોને સેવાભાવી સંસ્થા સાદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના સભ્યોએ ઝૂંપડે ઝૂંપડે ફરીને ૩૦૦ જેટલા ધાબળાનું વિતરણ અકિંચનોને કર્યું હતું.

### સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૭ ખાતે

# લાયોનેસ ક્લબ દ્વારા ક્રિસમસની ઉજવણી



લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા દત્તક લેવામાં આવેલી સરકરી પ્રાથમિક શાળા, સેક્ટર-૭ ખાતે નાતાલ પર્વની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓને સ્વેટર, રમકડાં અને કેકની ભેટ ધરવામાં આવી હતી. ક્લબ પ્રમુખ મીનાક્ષી જયસિંઘાનીએ પોતના જન્મદિવસની ઉજવણી પણ શાળાના વિદ્યાર્થીઓ સાથે મળીને કરી હતી. વિદ્યાર્થીઓ ઉપરંત શિક્ષકો પણ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક જોડાય હતા.

ક્લબ પ્રમુખ ઉપરાંત સેક્રેટરી નીતાબેન રાણા, સંયોજક મમતાબેન રાવલ, ચાઈલ્ડ કેર કમિટી ચેરમેન રીટાબા સોલંકી, આરતીબેન ભટ્ટ, પૂર્વ પ્રમુખ વર્ષાબેન ઠક્કર અને મોટી સંખ્યામાં લાયોનેસ સભ્યોએ આ પ્રસંગે ઉપસ્થિત રહી ઉજવણીને આનંદમય બનાવી હતી.

### ગુજરાતી સાહિત્ય પરિષદનું ૭૯મું અધિવેશન સિકંદરાબાદમાં

# નગરના સાહિત્યકારો ઉલ્લેખનીય સંખ્યામાં ઉપસ્થિત

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યની ૧૧૨ વર્ષ જૂની પ્રતિષ્ઠિત સાહિત્ય સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૯મું અધિવેશન સિકંદરાબાદ ખાતે શનિવારથી આરંભાયું છે.

પરિષદના પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રના અધ્યક્ષપદે રાષ્ટ્રપતિ રોડ, સિંકદરાબાદ ખાતે આયોજિત આ અધિવેશનમાં અમદાવાદ ઉપરાંત ગાંધીનગરના સાહિત્યકારો પણ ઉલ્લેખનીય સંખ્યામાં જોડાયા છે. ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વપ્રમુખ ભરત કવિ, પ્રજ્ઞાબેન પટેલ, ધ્વનિલ પારેખ, રણછોડ પરમાર, ભગવાનભાઈ કા ગોહેલ, મહેન્દ્ર રાઠોડ, કનૈયાલાલ ભટ્ટ, રોહિણી પરમાર ઉપરાંત ચારેક સાહિત્યકારો તો સપરિવાર સિકંદરાબાદ ખાતે





અધિવેશનમાં ઉપસ્થિત છે.

અધિવેશન અંતર્ગત શનિવારે બપોરે સાહિત્ય અને સૌરાષ્ટ્ર વિષયે ભરત મહેતા અને ઉષા ઉપાધ્યાય દ્વારા અનુક્રમે 'પ્રશ્ન, નિરામય પારસ્પર્યનો' અને 'તુંડે તુંડે રાષ્ટ્રભિન્ન' વિષયે વક્તવ્ય આપવામાં આવ્યુંહતું. આ સત્રના અધ્યક્ષપદે પ્રકાશ ન શાહ ઉપસ્થિત હતા જ્યારે સંચાલન પ્રજ્ઞાબેન પટેલે સંભાળ્યું હતું.

રવિવારે સવારે પ્રથમ સત્ર નાટક વિષયે યોજાયું હતું, જેના અધ્યક્ષ તરીકે પરેશ નાયક અને સંચાલક તરીકે ધ્વનિલ પરેખ દ્વાર પોતાની સેવાઓ આપવામાં આવી હતી. મધુ રાય અને મહેશ ચંપકલાલે અનુક્રમે 'મારાં નાટકો, મારા સમકાલીન નાટ્યકારો અને મારી નાટ્યવિભાવન' અને 'જૂની-નવી ગુજરાતી રંગભૂમિનાં સંક્રાંતબિંદુઓ' વિષયે વક્તવ્યો આપ્યાં હતાં.

રવિવારનું બીજું સત્ર બપોરે યોજાયું હતું, જેના અધ્યક્ષ તરીકે સતીષ વ્યાસ અને સંચાલક યોગેશ જોષી હત. સતીષ વ્યાસે 'કાન્ત : અતીત, સાંપ્રત અને અનાગતને તાગતા સર્જક' વિષયે, પ્રફુલ્લ રાવલે 'કાન્ત : મધ્યાહ્ને આથમેલો સૂરજ' અને રાજેશ પંડ્યાએ 'કાન્તની કવિતા' વિષયે વક્તવ્યો આપ્યાં હતાં. રવિવારે રાત્રે કાન્તના જીવન પર આધારિત, સતીશ વ્યાસ લિખિત નાટક 'જળને પડદે' કમલ જોષી અને ટીમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સોમવારની પ્રથમ બેઠક સવારે યોજાઈ રહી છે, જેના અધ્યક્ષ તરીકે રઘુવીર ચૌધરી અને સંચાલક તરીકે સંધ્યા ભટ્ટ રહેશે. ડૉ. સી. મૃણાલિની દ્વારા 'આજનું તેલુગુ સાહિત્ય' વિષયે વક્તવ્ય આ સત્ર અંતર્ગત આપવામાં આવશે. બપોરે અધિવેશન સમાપન બેઠક યોજાશે, જેમાં પ્રતિભાવો અને આભાર દર્શન પ્રગટ કરવામાં આવશે.

# રાજ્યના ૨૫૦થી વધુ બાર એસો.ની પહેલીવાર એક સાથે ચૂંટણી યોજાઇ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના ૨૫૦થી વધુ બાર એસોસિએશનમાં શુક્રવારે પહેલી વાર એક સાથે ચૂંટણી યોજાઇ હતી. વિવિધ બાર એસોની જુદી જુદી પોસ્ટ માટે યોજાયેલી ચૂંટણીમાં હાઈટેક પ્રચાર જોવા મળ્યો હતો. ચૂંટણી સાંજે પાંચ વાગ્યે પુરી થઈ હતી. જેમાં નાના બાર ઓસો.માં રાત્રે જ પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું હતું. જ્યારે મોટા બાર એસો.માં શનિવારે બપોર સુધીમાં પરિણામ જાહેર થાય તેવી શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે, આખાની કોર્ટમાં ચૂંટણી હોવાથી વકીલોએ કામ કર્યુ ન હતું અને પક્ષકારોએ ધક્કા ખાવા પડ્યા હતા.

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર આખા દેશમાં વન બાર વન વોટનો અમલ કરવામાં આવ્યો છે. જેથી વકીલ બનનાર એક જ બાર એસોસિએશનનો સભ્ય બની શકે અને તે જ બાર એસો.માં વોટ કરી શકે. આ ઉપરાંત રાજ્યના તમામ બારની ચૂંટણી એક સાથે યોજવા પણ સુપ્રીમ કોર્ટે નિર્દેષ આપ્યો હતો. જે અનુસાર ગુજરાતના નાના મોટા ૨૫૦થી વધુ બાર એસો.માં આજે ચૂંટણી યોજવામાં આવી હતી. રાજ્યની તમામ અદાલતોમાં ચૂંટણીનો માહોલ હોવાથી વકીલોએ કામકાજથી અળગા રહેવાનો ઠરાવ કર્યો હતો. જેથી કેસો ચાલ્યા ન હતા અને પક્ષકારો-કેદીઓને પણ જેલમાં પરત ફરવું પડ્યું હતું. દેશના બીજા નંબરના સૌથી મોટા એવા ક્રિમિનલ કોર્ટ બાર એસો.(મેટ્રોકોર્ટ)માં સવારથી જ મતદારોની લાઇન લાગી ગઇ હતી. જ્યારે ગ્રામ્ય, સેશન્સમાં પણ વકીલો મતદાન કરવા ઉમટી પડ્યા હતા. જેથી સવારે ૧૨ વાગ્યા સુધી મતદારોની લાંબી કતાર વિવિધ બાર એસો.માં લાગી હતી. જો કે, ત્યારબાદ સંખ્યામાં ઘટાડો થયો હતો. રાજ્યના મોટા ભાગના બાર એસો.માં અંદજે ૭૦ ટકાથી વધુ વોટિંગ થયા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ફેમિલી કોર્ટ બાર એસો.માં ૨૫૦ મેમ્બર પૈકી ૧૮૭ લોકોએ મતદાન કર્યુ હતું. જેમાં સૌથી વધુ મહિલા વકીલોએ મતદાન કર્યુ હતું. આ વર્ષે વકીલોની ચૂંટણી પણ હાઈટેક બની હતી. વકીલોએ જુદા જુદા વોટ્સ એપ ગ્રૃપ બનાવ્યા હતા, ઉપરાંત સોશિયલ મીડિયા પર પણ મોટા પ્રમાણમાં પ્રચાર કરી મતદારોને રીજવવા પ્રયાસ કર્યા હતા. છેલ્લી ઘડી સુધી મતદાન માટે પણ વકીલોએ લોકોને ટેક્સ મેસેજ કરતા નજરે પડ્યા હતા.

# બિઝનેસ સૅકટરમાં મંદીના કારણે જૉબ ઑફર્સમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ સહિત દેશની પ્રતિષ્ઠિત અને પ્રસિદ્ધ બીઝનેસ સ્કૂલ(બી-સ્કૂલ)ના વળતા પાણી શરૂ થયા છે. એસોચેમના એક અહેવાલ મુજબ આવી બી-સ્કૂલમાં પ્લેસમેન્ટ અને જોબ ઓફર્સ સૌથી મોટું આકર્ષણ ગણાતું હતું. પરંતુ હાલના વર્ષોમાં પ્લેસમેન્ટ એ બી-સ્કૂલ માટેનું સૌથી મોટું પડકાર બની ગયું છે અને એક અંદાજ મુજબ બી-સ્કૂલના માત્ર ૨૦% વિદ્યાર્થીઓ જ જોબ ઓફર્સ મેળવી શકે છે. એસોચેમ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં એવું ચોંકાવનારું તારણ પણ રજૂ કરવામાં આવ્યું છે કે, 'બી-સ્કૂલ્સના વિદ્યાર્થીઓ માટેની નોકરીઓની તકો ઘટવા પાછળ અનેક પરિબળો જવાબદાર છે. જેમાં હાલના તબક્કે નોટબંધી, બિઝનેસ સેક્ટરમાં મંદી અને નવા પ્રોજેક્ટ્સ ખોરંભે ચઢ્યા હોવાના કારણો મુખ્ય જણાય છે.'

ધી એસોસિયેટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયાના એજ્યુકેશન કાઉન્સિલના અભ્યાસના તારણ મુજબ, 'પ્લેસમેન્ટ ક્ષેત્રે આ વર્ષે બી-સ્કૂલોમાં સંકટ તોળાતું નજરે પડે છે. કેમ કે તેમાં ગત વર્ષની સરખામણીમાં ૩૦% જેટલો ઘટાડો જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં બી-સ્કૂલ અને એન્જિનિયરિંગ કોલેજોના વિદ્યાર્થીઓને સારા પ્લેસમેન્ટ અને પગારમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે અને ગત વર્ષની સરખામણીમાં પગારના પેકેજમાં ૪૦થી ૫૦% સુધી ઘટ જોવા મળી રહી છે. અનેક વાલીઓ અને વિદ્યાર્થીઓ હવે બી-સ્કૂલના ત્રણ-ચાર વર્ષના અભ્યાસ પાછળ લાખો રૂપિયાનું રોકાણ કરતા પહેલા વિચારતા થયા છે. દેશમાં ૪૦૦ જેટલી આવી શૈક્ષણિક સંસ્થાઓ છે જે પુરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ નહી મળતા મૃતઃપાય અવસ્થામાં આવી ગઇ છે.'

મોટી સંખ્યામાં બી-સ્કૂલ અને એન્જિનિયરિંગ કોલેજો વિદ્યાર્થીઓમાં આકર્ષણ ઊભું કરવામાં નિષ્ફળ જઇ રહી છે. ૨૦૧૫થી અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ બી-સ્કૂલના પાટિયા પડી ગયા છે. અમદાવાદ, દિલ્હી, મુંબઇ, બેંગલોર, કોલકત્તા, લખનઉ, દેહરાદૂન વગેરે તેનાથી પ્રભાવિત થયા છે. અન્ય ૯૯ એવી કોલેજો છે જે હાલ પોતાનું અસ્તિત્વ ટકાવી માટે ઝઝુમી રહી છે. મેનેજમેન્ટ કોર્સિસ માટે જાણિતી આવી બી-સ્કૂલના અનેક વિકલ્પો હવે નાના શહેરોમાં જોવા મળી રહ્યા છે. પરંતુ ત્યાં અભ્યાસના માપદંડો પ્રતિષ્ઠિત બી-સ્કૂલ કરતા ઉતરતી કક્ષાના હોય છે. તેઓને માત્ર સીટો ભરવાથી જ મતલબ હોવાથી તેમની ગુણવત્તાને અસર થતી હોવાનું એસોચેમ દ્વારા જણાવાયું છે.

# સતત યાત્રાથી કેન્સરનું જોખમ

ગાંધીનગર, તા. ૨૪

જો તમે સતત યાત્રા કરતાં રહેતા હોય તો આ તમારા માટે જોખમકારક છે. સતત યાત્રા કરવી એ જેટ લેગનું કારણ બની શકે છે, જેનાથી કેન્સરનું જોખમ વધી શકે છે કારણ કે તે આપણા બોડી ક્લોકમાં ગરબડ કરે છે અને તેનાથી શરીરમાં ટ્યુમર બનવાની શક્યતા કહે છે, તેવું એક રિસર્ચમાં જાણવા મળ્યું છે.

તારણોમાં જાણવા મળ્યું છે કે લોકોના આંતરિક બોડી ક્લોકનો તેમની કોશિકાઓના ઝડપથી બનવા પર ઘણી અસર પડે છે, જેમાં કેન્સરને રોકવાની ક્ષમતા હોય છે. આપણી આંતરિક ઘડિયાળ બહારી પ્રકાશ અને અંધકાર સાથે તાલમેલ કરીને ચાલે છે અને લોકોના વ્યવહાર અને પ્રવડતિના સ્તરને પ્રેરિત કરે છે.

ક્લોક એક ટ્યુમર શમનકર્તાના રૂપે કાર્ય કરે છે. આરએએસ જે કોશિકાઓના ઝડપથી બહુગુણિત થવાને નિયંત્રિત કરે છે અને તે લોકોના આંતરિક બોડી ક્લોકને પણ પ્રભાવિત કરે છે. તે બે પ્રોટિનોનાં માધ્યમ દ્વારા થાય છે, એક આઇએનકે૪ અને એઆરએફ, જે કેન્સરને દબાવવા માટે જાણીતું છે.

# ઍર ફોર્સ ગોલ્ડન જ્યુબિલી ઈન્સ્ટીટ્યુટ દ્વારા વાર્ષિક રમતોત્સવ









ઍર ફોર્સ ગોલ્ડન જ્યુબિલી ઈન્સ્ટીટ્યુટ દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઍર ફોર્સ સ્કૂલ મેનેજિંગ કમિટીના ચૅરમેન અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓએ પહેલાં એક સુંદર અને શિસ્તબદ્ધ રેલીનું આયોજન કર્યું હતું અને ત્યારબાદ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. સમગ્ર ઈવેન્ટ વિદ્યાર્થીઓનાં શિસ્ત, અપ્રતિમ ઉત્સાહ અને પ્રેરણાદાયી ખેલ કૌશલથી ખીલી ઊઠી હતી.